ધી ન્યુ આર્ટસ અમેચ્યોર્સ કલબ

(અમદાવાદ.)

વાસનાની વાટે

([illegible] અને ગાયનોના [illegible] સ્વાધીન સાથેના)

— [illegible] —

સ્વ. સી. એમ. ભટ્ટ માસ્તર

[illegible]	[illegible]	ડાયરેક્ટર,
[illegible]	શરદકુમાર પટેલ	જયંતકુમાર સોલંકી
[illegible]	[illegible]	મ્યુઝીક ડાયરેક્ટર
[illegible]		[illegible]

પ્રકાશક

ધી ન્યુ આ. એ. કલબ

સં ૧૯૯૯ આવૃત્તિ ૩ જી સને ૧૯૪૩

મુલ્ય ૦-૪-૦

મહંત:—

નર મૂરખ મંઝી ઉસ મારગ મત જા,
કામિની તનકા તાર જહાં હય, ઉસ પરખત દુઃખ હોય,
પરનારી ઝેરી છરી મત લગાવો અંગ,
દસ શીષ રાવણ કે ગયે પરનારીકે સંગ,
પરનારી એક વૈરી હય નહીં કરામત હોય,
બાંધે હી મર જાઓગે મુક્ત કહાં સે હોય?

અંક ૩ જો

[૧૭]

શારદાચંદ્ર:—

સાદરથી સહુ નમી ગમને દીનતા આ [illegible]
દુઃખ દુઃખમાં દેવલાની યાતનામાં, [illegible]
પુત્ર માર્યો ને [illegible] આગ [illegible]
એ પતિને નર્ક ફેરા [illegible]
ગાગલ બની પર પ્રેમમાં [illegible],
અંતમ આવી આવશે વાસનાની [illegible].

[૧૮]

લતા અને કુંજ —

એક નાનીશી નગરી વસાવીશું,
નાની નગરીમાં સુખદુઃખ મનાવીશું,
પ્રેમ ભાજન [illegible]
[illegible] અરે.
જીવન નૈયાને પાર [illegible].
રે ઈશ્વર સુખદુઃખી નું [illegible] અરે,
મુક્ત કરવા ભારતને બંધનથી અરે.
દેશ સેવામાં જીવન વીતાવીશું.

(બાબુ બારોટીયા.)

આ ચોપડી મહેન્દ્ર પ્રીન્ટીંગ પ્રેસમાં છોટાલાલ ભાઈચંદ દેસાઈએ છાપી. રતનપોળ અમદાવાદ.

ધી ન્યુ આદર્શ એમેચ્યોર્સ કલબ

(અમદાવાદ.)

વાસનાની વાટે

(સંક્ષિપ્ત સાર અને ગાયનોના સર્વ હક્ક સ્વાધીન સાથેના)

—: એમેચ્યોર લેખક :—

સ્વ. સી. એમ. ભટ્ટ માસ્તર.

મેનેજર :
હરિષ દેસાઇ.

વ્યવસ્થાપક :
અંબાલાલ પટેલ

આર્ટ ડીરેકશન :
શરદકુમાર પટેલ
પ્રતાપરાય પટેલ

ડાયરેકટર :
જયંતકુમાર સોલંકી

મ્યુઝીક ડાયરેકટર :
ગણપત માસ્તર

—: પ્રકાશક :—

ધી ન્યુ આ. એ. કલબ

સંવત ૧૯૯૯ આવૃતિ ૩ જી સને ૧૯૪૩

મુલ્ય ૦-૪-૦

ગુજરાતી [illegible]

૧. **શરદચંદ્ર** :—વાસનાની વાટે વિચરતો એક ભોળા દીલનો ગર્ભ શ્રીમંત, અનિલકુમારનો વડીલ બંધુ, અરૂણકુમારનો પિતા અને ભારતિનો પતિ.

૨. **અનિલકુમાર**—શ્રી સાર્વજનિક સેવા સમાજનો મંત્રી, શરદચંદ્રનો લઘુભ્રાતા.

૩. **અરૂણકુમાર**—શરદચંદ્ર અને ભારતીનો લાડકવાયો લાલ.

૪. **સનતકુમાર**—અનિલકુમારનો પુત્ર.

૫. **સુરેષ** : : :-શરદચંદ્રનો દગાબાજ દોસ્ત, આબેહુબ જીવતો જાગતો શયતાન.

૬. **બહાદર** : :—અનિલકુમારનો વફાદાર સહાયક.

૭. **અનૂપ** : :—એક ગરીબ વસુ વિહોણો હરિજન.

૮. **મુકુંદરાય** :—એક માલ માલીક, લતાના પિતા અને ભવિષ્યમાં બનનાર કુંજનો.............................

૯ **કુંજ** : : :—એક કોલેજીઅન યુવક, ભવિષ્યમાં બનનાર.........

૧૦. **રોમેશ** : :—લતાનો બીજો ઉમેદવાર.

તદુપરાંત :—વીરનરો, સિપાહીઓ, મિત્રો, અને માજીસ્ટ્રેટ વિગેરે..

—: સ્ત્રી પાત્રો :—

૧. **ભારતી** : :—શરદચંદ્રની સદગુણ પત્નિ અને અરૂણકુમારની માતા.

૨. **વિલાસ** : :—એક પતિતા.

૩. **લતા** ; :—મુકુંદરાયની પુત્રી અને ભવિષ્યમાં બનનાર.........

૪. **કળા** : :—એક બાળ વિધવા

૫ **બેબી** : :—કળાની પુત્રી.

	પાત્રો.		પાઠ લેનાર.
૧.	શરદચંદ્ર.	—	મી. વિનયચંદ્ર ખોખાણી.
૨.	અનિલકુમાર	—	મી એ. ટી. [હેરોલ્ડ.]
૩.	અરૂણકુમાર	—	બાળનટ બંસી કાયસ્થ.
૪.	સનતકુમાર	—	બાળનટ બચુ.
૫.	સુરેષ	—	મી. જયંતકુમાર સોલંકી.
૬	બહાદર	—	મી વસંત મોદી.
૭.	અનુપ	--	મી. અનુપ રાવલ.
૮.	મુકુંદરાય	—	મી. માણેકલાલ
૯.	કુંજ	—	મી. બાબુ બરોડીઆ.
૧૦.	રોમેશ	--	મી. કાન્ત.
૧૧.	ભારતી	—	મી. રમેશ.
૧૨.	વિલાસ	—	મી. ચંદ્રકાન્ત દેસાઈ.
૧૩.	લતા	—	મી ચંદુ કેપ્ટન
૧૪.	કળા	—	મી. સી પટેલ.

કલામય નૃત્યોઃ–શરદકુમાર પટેલ.

લેખકના બે બોલ.

સુજ્ઞ મહાશયો તથા બ્હેનો !

હૃદયમાં હોળી પ્રજળે છે–ચક્ષુ આંસુભીનાં બને છે–કાયા કંપે છે, હિંદુ સમાજનું અધઃપતન જોઇ નિરાશા ઉત્પન્ન થાય છે. ચરે ઘરમાંથી તીવ્ર વેદના ભની ાં આસાસુણી ક્રોધ અને કરૂણામીશ્રીત ભાવોને આવિર્ભાવ થાય છે. હિંદુ સમાજની આંસુ અને નિશ્વાસો પર રચાએલી ઇમારતની કલ્પના માત્ર હૈયામાં હોળી સળગાવે છે. ભડકે બળતા કેટલાયે હિંદુ કુટુંબો આજ ભીની આંખો સમક્ષ તરવરે છે.

વાંચક ! સમાજ સીતમ લીલા જોઇ કોનું હૈયુ ન દ્રવે ? કોણ તેને લેખીનાદ્વારા ચિતરવા પ્રયત્ન ન કરે ! મ્હારૂં હૈયુ પણ દ્રવ્યું અને તે વિષયને નાટ્ય પ્રયોગ દ્વારા ચર્ચવા ધાર્યું અને હિંદુ સમાજની કેટલીક બાજુઓને ચિતરવા મેં અલ્પ પ્રયાસો કર્યા. તે પ્રયાસ એજ **"વાસનાની વાટે"**

૧–પિતા કરતા માતા પર પુત્રનો પ્રેમ વિશેષ હોય છે અને માતા પણ પોતાના લાડકવાયા લાલ માટે અનેક સંકટો વેઠે છે. છતાં માતા પુત્રના અને પુત્ર માતા વિયોગે ડુસકાં ભરતાં, પત્થરને પણ પીગળાવે તેવા ઉદ્દગારો કરતાં અને ચોધાર આંસુ સારતાં "ભારતિ અને અરૂણ" નું મૃત્યુ પણ એ વિયોગ શાથી ? જુવો આ નાટ્ય પ્રયોગ **"વાસનાની વાટે"**

૨–દાતારમાં શ્રેષ્ઠ મનાતો–ધર્મના અવતાર રૂપ લેખાતો અને સત્યના પંથે ચાલનારા "શરદચંદ્ર" ના હૃદયમાં કુવાસનાઓ શાથી પ્રગટી ? પોતાના કુટુંબ કબિલાને શા માટે પગની ઠોકરે ચઢાવી કુમાર્ગે વિચર્યો અને અંત તેના માઠા પરીણામ ભોગવવાનો ભોકતા બન્યો તેનો આબેહુબ ખ્યાલ આપતો આ હૃદય ભેદીક નાટ્ય એજ આ **"વાસનાની વાટે"**

૩–ગરીબ હરીજન "અનુપ"ની અને બાળ વિધવા "કળા"ની હૃદય વ્યથા અને સિતમગર સમાજ સામે પ્રહાર એજ આ પ્રયોગ નામે **"વાસનાની વાટે"**

૪–શયતાન રૂપે જન્મેલા "સુરેશ" શા માટે શરદચંદ્રને અવળે માર્ગે દોરી તેની શ્રીમંતાઇનો અરે ! આખરે તેના જીવનનો અંત લાવ્યો તેના માટે હૃદયને મજબુત કરી જુવો આજે આ પ્રયોગ **"વાસનાની વાટે"**

૫–શ્રી સાર્વજનિક સેવાશ્રમના મંત્રી "અનિલકુમાર" અને સહમંત્રી "બહાદર"ના વિરતાભર્યાં કાર્યો–તેમની સહન શીલતા અને સમાજની પરવા નહીં કરતાં જનતાને અમૂલ્ય ઉપદેશ એજ પ્રેક્ષકોના તાળીઓના ગગડાટ–અને વાહ ! વાહ ! ના પોકાર. પરંતુ એ ક્યારે! નિહાળો આ નાટ્ય પ્રયોગ **"વસનાની વાટે"**

વાંચક ! આ નાટ્ય પ્રયોગમાં ઘણીએ ત્રુટીઓ હશે પરંતુ તે પ્રત્યે લક્ષ નહીં દોરતાં હંસ ગતીએ નિરખી મને પૂર્ણ આભારી કરશો.

હેતુ અને આભાર.

અમારી કલબ તરફથી આજે આ ડ્રામાની ચોથી નાઈટ ભજવાય છે તેના હર્ષથી અમે ફુલ્યા નથી સમાતા પરંતુ તે ઉમળકા ભર્યા અમારા દીલોમાં એક અસંહ્ય આઘાત અમોને અકળાવી રહ્યો છે. આજે અમોને એક અગત્ય વ્યક્તીની ખોટ પડી છે અને તે હતા આ ડ્રામાના સર્જક **સ્વ. કવીશ્રી છોટાલાલ એમ. ભટ્ટ. માસ્તર** તેઓ શ્રીએ ખાસ અમારી કલબ માટે આ ડ્રામા બનાવી આપવા ખુબ જ જહેમત ઉઠાવેલી, અને તેટલા જ ખંતથી અમારા રીહર્લસરમાં પણ તેઓશ્રી ભાગ લેતા હતા. કવીશ્રી આજથી થોડાક વખત પહેલાં ટુંકી માંદગી ભોગવી દેવલોક પામ્યા તેમની પાછળ તેમની પત્ની અને ચાર નાના બાળકોને મુકતા ગયા છે. અહીં એ કહેવાની જરૂર નથી કે તેઓશ્રીની આર્થિક સ્થીતિ નબળી હતી. ખેર ! અમે એ ઉદાર આત્માને કેમ ભુલી શકીએ.

અમોએ નક્કી કર્યું કે આ ડ્રામાની એક વધુ નાઇટ સ્ટેઇજ કરી તેની આવક તે સ્વર્ગસ્થના કુટુંબને સુપ્રત કરવી અને એજ આ અમારી **ચોથી નાઇટ** :-

અમારા આ પ્રસંગે રા. રા............................એ પ્રમુખપદ સ્વીકારી અમારા ઉપર જે મહાન ઉપકાર કર્યો છે તે બદલ અમારી કલબના દરેક મેમ્બરો વતી આભાર માનવાની તક લઇએ છીએ. અને આપ સર્વેને પણ કેમ ભુલી શકીએ ? આપે અત્રે પધારી અમારા કાર્યમાં જે સહકાર આપ્યો છે તે કાંઇ ઓછુ ના કહેવાય અમો દરેક મેમ્બર વતી આપ સર્વેનો આભાર માનવાની રજા લઇએ છીએ.

લી. વ્યવસ્થાપકો.

ધી ન્યુ આ. એ. કલબ.

પ્રભુ પ્રાર્થના બાદ.

અંક પહેલો.

પ્રવેશ પહેલો સ્થળઃ-વિલાસનું વિલાસ ભુવન

વિલાસ સિતારના સૂર મેળવતી જણાય છે. એટલામાં **સુરેષનું** આવી શરદચંદ્ર જાળમાં સપડાયો છે એવુ જાહેર કરવું વિલાસને અનહદ હર્ષ. શરદચંદ્રને આવતો જોઈ સુરેષનું એક બાજુ સંતાઈ જવું. **શરદચંદ્રનું** આવવું. વિલાસ અને સુરેષની જાળમાં સપડાઈ દારૂનો ઉપાસક બનવું. સુરેષનું છટકી જઈ-ભારતીને તેડી લાવી-આદર્શ બતાવવું-ભારતિની મૂર્છા.

પ્રવેશ બીજો સ્થળઃ-પુષ્પવાટિકાનો એક ભાગ.

કોલેજઅનાથી કંટાળતાં **લતાનુ** આવવું-તેના વિચારો-**કુંજનું** આવવું. આબાદ દમદાટીથી કુંજે લતાનો પ્રેમ મેળવો બાદ એકમેકથી છુટા પડવું.

પ્રવેશ ત્રીજો સ્થળઃ-હરિજનની એક ઝુંપડી.

ડૉકટર તરફથી નિરાશ થઈ પાછા ફરેલા હરિજન **અનુપનું** પોતાના વૃદ્ધ પિતાને તેડી દીનવદને આવવું. તેના હૃદય ભેદીક ઉદગાર પિતાનુ મૃત્યુ. એટલામાં **સુરેષનું** ભાડું લેવા પ્રવેશવું. હરિજન અનૂપનો ગદ્ગદ કંઠે જવાબ. સુરેષનો ક્રોધ. **અનિલકુમારનું** આવી ઉપદેશ. સુરેષનુ વિશેષ ગુસ્સે થઈ હરિજન અનુપને મારવા ધસવું **બહાદરથી** બચાવ.

પ્રવેસ ચોથો, સ્થળઃ-શ્રી સાર્વજનિક સેવાશ્રમનો એક ભાગ.

થોડીવાર રહીને **બહાદરનું** વિચાર કરતા પ્રવેશવું. દારૂખાનાથી થતી દુર દશા પ્રત્યે **બહાદરના** હૃદય ભેદક ઉદગાર, એટલામાં દારૂખાનુ ફોડવા જતાં દાઝી ગયેલ એક બાળકને તેડી વીરનરનું આવવું. તરતજ તેને આશ્રમમા લઈ જઈ સારવાર કરવા કહેવું. **બહાદરનું** હૃદય મંથન.

પ્રવેશ પાંચમો સ્થળઃ-શરદચંદ્રના મકાનનો એક ભાગ.

પ્રેમની મસ્તીમાં મસ્ત બનેલા **વિલાસ** અને **શરદચંદ્રનું પ્રવેશવું.** **સંજોગ સાધી વિલાસે** પોતાનો સ્વાર્થ સાધવો. **શરદચંદ્રે** તીજોરીની **ચાવી વિલાસને** આપવી. **વિલાસનું** તીજોરી તરફ રવાના થવું, એટલામાં અંદરના દિવાનખાનામાં ફોનની ઘંટડી વાગવી. **શરદચંદ્રનું** જવું.

(સીન ટ્રાન્સફર.)

સ્થળઃ–દીવાનખાનું

(ટેબલ પર પડેલા ફોનની ઘંટડીઓ વાગતી સંભળાય છે.) **શરદચંદ્ર**નું આવી દરેકને યોગ્ય જવાબ આપવો. બાદ **વિલાસ**નું અલંકારોથી પોતાની કાયાને સજાવી પ્રવેશવું છેવટે નયનબાણ ફેંકી વિલાસનું ચાલ્યા જવું. શરદચંદ્રની તેની પાછળ જવાની તૈયારી–ભારતિનું આવી "વાસનાની વાટે" ન વિચરવા કહેવું; **અનિલકુમાર**નું આવી મોટાભાઈને શીખામણ. છેવટે શરદચંદ્રનું ગુસ્સે થઈ ભારતિને મારવા ધસવું. પરંતુ અચાનક અરૂણકુમારનું આવી ચઢવાથી લાકડી ભારતીને નહી વાગતાં અરૂણના માથામાં વાગવી. અરૂણનું કારમી ચીસ પાડતાં જમીન પર પડવું શરદચંદ્રની ધ્રુજારી, અનિલકુમારનો શરદચંદ્ર પ્રત્યે રોશ–ભારતિનું કરૂણ વિલાપ !

-- ટેબ્લો --

પ્રવેશ છઠ્ઠો, સ્થળ–મહોલ્લનો એક ભાગ.

ઉપદેશ આપવા જતા, ઉશ્કેરાએલા ટોળા તરફથી પડેલા મુઢ માર ઉપર હાથ ફેરવતાં **બહાદર**નું પ્રવેશવું. હિન્દુ ધર્મ પ્રત્યે ભાવો જગાવનાર અંધારો પ્રત્યે મક્કમતા ભર્યો જવાબ એટલામાં **અનુપ**નું આવી આરામ લેવા કહેવું આરામ કયારે લેવાય તે **બહાદરે** સમજાવવું. એટલામાં એક તરફ ગૌમાતા ઉપર પડતા લાઠીનો માર અને બીજી તરફ હિન્દુ મુસ્લીમ યુવકો સામ સામી બાથમબાથ કરતા બહાદરની નજરે ચઢે છે તુરત જ ગૌમાતાને બચાવવા દોડવું. અને અનુપને તકરાર કરતા યુવકોને સમજાવવા મોકલવો થોડીવાર રહીને એક મુસ્લીમ અને હિન્દુ બાળકને ઉપદેશ આપતા હરીજન **અનુપ**નું પ્રવેશવું બાદ બન્ને બાળકોનું જવું એટલામાં સામેના મંદિરમાં આરતી ઉતરતી હોવાથી "**શ્રીમંતો,** શા માટે અન્યાય આપે છે,'" તેની દાદ માગવા **અનુપ**નું મંદિર પ્રત્યે રવાના થવું

-- સીન ટ્રાન્સફર --

સ્થળઃ–મંદીર.

(મંદિરમાં આરતિ ઉતરતી જણાય છે.) આરતી પુરી થયા બાદ એક પછી એક નગર જનોનું જવું. અનૂપનું આવવું. મંદીરમાથી નિકળતા મુકુંદરાય સાથે અથડામણ. અનુપ પર જુલ્મનો વરસાદ. અનિલ-

કુમારનું આવી મુકુંદરાયને શાબ્બાશી. છેવટે મુકુંદરાયનું હરિજન અનુપને ભેટી પડવું. બાદ તેનું જવું. અનુપને લઇ અનિલકુમારનું મંદિરમાં દાખલ થવાની તૈયારી. સુરેષથી અટકાવ. શરદચંદ્રનું આવી અનિલકુમારને એ પંથે ન જવા માટે મનાઇ. અનિલકુમારના જડબાતોડ જવાબ. શરદચંદ્રનું ગુસ્સે થઇ હરિજન અનુપને મારવા ધસવું. બહાદરની વીરતા. શરદચંદ્રની ગભરામણ સુરેષનો રોષ, અનિલનું અનૂપને લઇ મંદીરમાં દાખલ થવું.

પ્રવેશ સાતમો સ્થળ:–મુકુંદરાયના મકાનના એક ભાગ.

થોડીવાર રહીને કાશીરીમલ ડૉકટરના પોષાકમા કુંજનુ આવવું. લતાનું આવી મોકાણના સમાચાર કહેવા; કુંજની આબાદ યુકિત બાદ લતાનું એક બાજુ સંતાઇ જવું. રોમેષને લઇ મુકુંદરાયનું આવવું. "એમાં શું ? અને મુદ્દાનો સવાલ છે" એમાં રકજક. છેવટે રોમેષ ચસકેલ છે એવું કુંજે જાહેર કરવું. લતાએ આવી તે વાતને ટેકો આપવો. રોમેષનું ચાલ્યા જવુ. મુકુંદરાયનું પણ જવુ બાદ પ્રેમી યુગલમાં પ્રેમનો એકજ ઝણઝણાટ.

પ્રવેશ આઠમો, સ્થળ:–ભવ્ય શયન ભવન.

પલંગમાં અરૂણકુમાર સુતેલો જણાય છે. એટલામા સંસાર ત્યાગ–ઇચ્છાથી ભારતિનું મંદ ગતિએ આવવું. **રૂઢી ચુસ્ત સમાજવાદીઓએ ઘડેલા એકતરફી બંધારણો પ્રત્યે ફીટકાર,** અરૂણના પાણી પાણીના પોકાર. ભારતીનુ પાણી પાવુ સંસાર ત્યાગવાની તૈયારી. અનિલના ઉપદેશ. એ ઉપદેશે ભારતિના હૈયામાં પુત્ર પ્રેમ પ્રગટાવતો. બાદ અનિલનું પોતાના મોટા ભાઇને તેડવા જવું. અરૂણને ભયંકર સ્વપ્ન. છેવટે અરૂણને શાન્ત પાડી ભારતિનું સામેના બાંકડા પર સુઇ જવું. એટલામા સુરેષનું દોરડાની મદદથી દીવાનખાનામાં આવવું રૂમાલમા કલોરોફોર્મ છાંટી ભારતીને સુંઘાડવો. (અનીલ અને શરદને આવતા જોઈ સુરેષનું) ભારતીને લઇ પાછલા બારણેથી રવાના થવુ. અનીલનું શરદચંદ્રને લઇને પ્રવેસવું; "**ભારતિ–ભારતિ**" ના પોકાર. સુરેષ આવી અનીલકુમાર ભારતિને નસાડી મુકી છે. એવુ જાહેર કરવું શરદચંદ્રનો અનિલ પર રોષ. અનિલની સહન શીલતા. શરદચંદ્રના "ભારતિ–ભારતિ"ના પોકારો. તો અરૂણકુમારના "બા–બા"ના પોકાર. તો બીજી બાજુ અનિલની "માતા–માતા"ના પોકાર. સુરેષનું હાસ્ય. **(ખરેખર એ હાસ્યમાં છુપાયો હતો પોતાનો સ્વાર્થ.)**

— ટેબ્લો —

અંક બીજો

પ્રવેશ પહેલો સ્થળઃ—સરીયામ રસ્તો.

થોડીવાર રહી ગર્વના શીખરે હસતા સુરેશે આવવું તેના તરંગી વિચારો, બાદ ભારતી પાસે જવું.

(સીન ટ્રાન્સફર)

સ્થળઃ—ભયંકર અરણ્ય.

ભારતી મૂર્છીતરી જમીન પર પડેલી જણાય છે, ધીરે ધીરે શુદ્ધીમાં આવતા ઉદગાર એટલામા સુરેશનું આવી પ્રેમની માગણી કરવી. ભારતીનો ઇન્કાર બળાત્કારની તૈયારી. બહાદરનું આવી ચઢવું સુરેશનું વિશેષ ગુસ્સે થવુ. ભારતી તરફ ધસવું, ભારતીનું પ્રચંડ સ્વરૂપ.

ટેબ્લો.

પવેસ બીજો સ્થળઃ—મુકુંદરાયના મકાનનો એક ભાગ.

મુકુંદરાયનુ વિચાર કરતાં પ્રવેસવું. રોમેશનું આવી ચઢવું. ફક્કડ-રાજ જોશીના પોશાકમાં કુંજનું આવી લતા અને રોમેશના જન્માક્ષરો તથા હસ્ત રેખાઓ જોવી. હસાહસ. રોમેશનું લીલા તોરણે બહાદુરીથી પાછું ફરવું. મુકુંદરાયનું પણ તેની પાછળ જવુ. બાદ પ્રેમીઓને પુછવુંજશું

પ્રવેશ ત્રીજો સ્થળ— વિલાસ ભુવન.

સુરેશ અને મિત્રો જુગાર રમતા નજરે પડે છે. શરદચંદ્ર અને વિલાસનું પ્રવેશવું. જુગાર રમવો. શરદચંદ્રની હાર. સુરેશનુ આવી શરદચંદ્રને વધુ વાસનાની વાટમાં, રગ દોળાવાની યુકિત અજમાવવી. વીલાસનું આવી પોતાનો સ્વાર્થ સાધવો, બાકી રહેલી જંગમ મીલ્કત પણ ગીરવે મુકાવવી. નોકરનું આવી "અરૂણ સખ્ત બીમાર છે." એવું વાગફરતી જાહેર કરવું. શરદચંદ્રના બીન પરવાહ જવાબમાં અનિલનું આવી શીખામણ દારૂ **ન પીવા** માટે ઉપદેશ. વિલાસે અનિલકુમાર સામે પીસ્તોલ તાકવી. લાગ સાધી અનિલે વિલાસના હાથમાંથી પીસ્તોલ ખુંચાવી લેવી. સુરેશે આવી અનિલ પાસેથી અને અનૂપનું આવી સુરેશના હાથને ઝટકો મારી પિસ્તોલ પડાવી લેવી. અનુપ અને સુરેશ વચ્ચે પિસ્તોલ લેવાના પ્રયાસો સુરેશની જીત. બહાદરનું આવવું સુરેશની ગભરામણ

પ્રવેશ ચોથો સ્થળઃ—ઉજ્જડ રસ્તો

બાળ વિધવા કળાનું તરતના જન્મેલા બાળકને લઇ પ્રવેસવુ નિતમગર સમાજ અને સફેદ શયતાનોને માર્મિક પ્રહાર, જવું બાદ ભારતી પોતાના પાપ ખુલ્લા કરશે એવો વિચાર કરતાં સુરેશનું આવવું, એટલામાં કળાને આવતી જોઇ તેની ગભરામણ એ ગભરામણ એજ તેનાં કાળાં કર્મ. સુરેશનું છટકી જવું કે તરતજ કળાનું બાળકને લઇને સુરેશને શોધતાં પ્રવેશવું. તેનો પશ્ચાતાપ. અચાનક સુરેશને નાસતો જોઇ જવો. કળાનું બુમરાણુ કરતાં તેની પાછળ દોડવું. બહાદરનું આવી ચઢવું. તેનું પણ તેમની પાછળ દોડવું.

[સીન ટ્રાન્સફર]

સ્થળઃ— દરીઆ કીનારો.

સુરેષનું ગભરાતાં ગભરાતાં દોડતાં આવવું. કળાનું આવી બાળકને સોંપવાની તૈયારી. સુરેષે તે બાળકને જમીન પર પછાડવાની તૈયારી. પાછળથી બહાદરે આવી ને બાળકને લઇ સુરેષને ફીટકાર સુરેષનું ચાલ્યા જવું. સુરેષેજ શીયળ ભ્રષ્ટ કર્યું છે એવું જાણી બહાદરનો રોષ. અનિલનું આવી આત્મભોગ (એ આત્મભોગમાંજ) શરદચંદ્રને લઇ સુરેષનુ આવવું અતિ હર્ષમા કળાનું પોતાના બાળક સાથે જમીન પર પડી મરણ પામવું શરદચંદ્રના અનિલ પર ફટકા—અનિલની સહનશીલતા

ટેબ્લો.

પ્રવેશ પાંચમો સ્થળ— શરદચંદ્રના મકાનનો એક ભાગ

વિલાસનું બેપરવાઇ ભર્યું પ્રતિગવું. પોતાને આ કક્ષાએ લાવનાર પ્રત્યે કટાક્ષ. એટલામા પાછળના બારણેથી શરદચંદ્ર દારૂના નશામાં ચકચુર થઇ પ્રવેશે છે તે જોવું અને કિસ્મતનો છેલ્લો પાસો ફેંકવા તેની પાસે જવું,

સીન ટ્રાન્સફર.

સ્થળ—શરદચંદ્રનું શયન ભુવન

શરદચંદ્રનું દારૂના નિશામા ચકચુર થઇ પ્રવેસવુ. વિલાસનું સ્વાર્થ સાધવા આવવું એટલામા સુરેષનું આવી 'અરૂણકુમારને અહીં લાવે છે" એવું જાહેર કરવું. અને સાથે માતા પુત્રનું વિક્ષેપ પડે એવી યુક્તિ અજમાવી તેનું ચાલ્યા જવુ. એમબ્યુલન્સના માણસોનું આવી અરૂણને પલંગ પર સુવાડી ચાલ્યા જવું ભારતિનુ 'અરૂણ—અરૂણ"ના પોકાર કરતા આવવું શરદચંદ્રની નિષ્ઠુરતા. એક બાજુ 'બા—બા"ના પોકારો તો બીજી બાજુ "બેટા—બેટા" ના કરૂણાલાપ અનિલનું આવી પોતાના મોટાભાઇને છેવટની શીખામણ. પોતાના પુત્રનો મેળાપ નહીં થવાથી ભારતિની મૂર્છા અને તે મૂર્છા એજ ભારતિનો આત્મા સ્વર્ગ પ્રત્યે. શરદચંદ્રના હૃદયમાં દયા પ્રગટવી. ભારતિ પાસે દોડવુ. તે નહિ બોલતી હોવાથી અરૂણને ઉંચકીને ભારતિ પાસે લાવવો. માતા અને પુત્રનુ મૃત્યુ જોઇ શરદચંદ્રનું કારમીચીસ પાડતાં જમીન પર પટકાઇ પડવું.

ટેબ્લો

પ્રવેશ છઠ્ઠો સ્થળ:—દુકાનનો એક ભાગ.

દરજીના પહેરવેશમા હરજીવન દરજીનું નામ ધારણ કરી કુંજનું પ્રવેશવું એટલામાં લતાનું પોતાના પિતા સાથે કપડા શીવડાવવા આવી ચઢવું. આબાદ હસાહસ—કુંજનું પોતાની યુકતીથી શેઠને વીદાયગીરી. બાદ પછી પુછવુંજ શું ?

પ્રવેશ સાતમો સ્થળ:—વિલાસનું આલીશાન શયન ભુવન.

શરદચંદ્રનું ગરીબાઇ દશામાં પ્રવેશવું. વિલાસના હૃદયમાં એકદમ પલટો થએલો જોઈ તેનો પશ્ચાતાપ-વિલાસે સુરેષનો ભેદ ખુલ્લો કરવો સુરેષનું આવી ભુતકાળનો ઇતિહાસ રજુ કરવો. શરદચંદ્ર પર પિસ્તોલ તાકવી. વીલાસની યુકતી, સુરેષે વિલાસ પાસેથી પિસ્તોલ ખુંચાવી લઇ વિલાસને ઘાયલ કરવી. શરદ પર તાકવાની તૈયારી. હરીજન અનૂપથી બચાવ. અનૂપ ઉપર ફેર, પણ શરદચંદ્રનું વચ્ચે આવી જતાં ઘાયલ થવું સુરેષનું છટકી જવું. શરદના "પાણી-પાણી" ના પોકાર—અનૂપની શીખામણ. એટલામાં સુરેષ આવી મકાનને આગ લગાડવી. ચારે બાજુથી ભયંકર ફાકીઆરીઓ. શરદચંદ્રને લઇ અનૂપનું આમનેમ દોડવું. શરદચંદ્રની કારમી ચીસો.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો સ્થળ:—શ્રી સાર્વજનિક સેવાશ્રમનો એક ભાગ.

થોડીવાર રહીને સુરેષનું હર્ષના આવેષમાં પ્રવેસવું. એટલામાં શરદને ભીખારી હાલતમાં જીવતો નિહાળવો. બાદ તેને હેરાન કરવા માટે તેની પાસે જવું.

(સીન ટ્રાન્સફર)

સ્થળ:—બગીચો.

અગ્નીથી દાઝી ગએલા (અને પતના રોગથી પીડાતા) શરદચંદ્રનું નિરાશ થઇ કફન હાલતે પ્રવેશવું. સુરેષનું સાધુના વેશમાં આવી અનીલકુમારના પુત્ર સનતકુમારને સુરેષનો પુત્ર ઓળખાવી ખુન કરાવવા લલચાવવો. બાદ સુરેષનું એક બાજુ પર સંતાઇને ઉભા રહેવું. સનતકુમારનું રમતા રમતા આવવું. તેના અંગ પરના આભુષણોમાં લુબ્ધ બની શરદચંદ્રે તેનું ખુન કરવુ "ચોર-ચોર" કહી સુરેષની બુમરાણ. બહાદરનું આવવું. અનિલના પુત્ર જાણી શરદચંદ્રનું ડુસકે ડુસકે રડવું. અનિલનું આવી પહોંચવું. અનિલની સહનશીલતા-પોતાના પુત્રનાં અલંકારો મોટાભાઇને ગુરૂ દક્ષણા તરીકે આપવા. શરદચંદ્રની ગભરામણ—એ સળીઆથી પોતાની આંખો ફાંડી નાખવી.

ટેબ્લો.

પ્રવેશ બીજો સ્થળ:—સરીયામ રસ્તો.

થોડીવાર રહીને મુકુંદરાયનું શ્રી સાર્વજનિક સેવાશ્રમને નાણાંની થેલી ભેટ તરીકે આપવા આમ તેમ આંટા મારવા બહાદરનું આવવું.

આવી શેઠને ઉપદેશ. છેવટે શેઠનું ઉપદેશ માથે ચઢાવી નમન કરી આશ્રમ જવું એટલામાં "અનૂપને ફાંસી" એવો અવાજ સાંભળવો બહાદરનું આશ્રમ તરફ રવાના થવું. થોડીવાર પછી શરદચંદ્રનું દીવાની હાલતમાં પ્રવેશવું. અનિલે આવી પોતાના આશ્રમમાં આવવા સમજાવવું. શરદચંદ્રની નકાર. છેવટે નિર્દોષ અનૂપને બચાવવા જબરજસ્તીથી કોર્ટમાં લઇ જવું.

પ્રવેશ ત્રીજો સ્થળઃ—ફાંસીનો માંચડો.

થોડીવાર રહીને હરીજન અનૂપને પકડી બે પોલીસ પ્રવેસવું. નગરજનોને છેવટના બે શબ્દો. ફાંસીના માંચડે જઇને ઉભા રહેવું. ફાંસીની તૈયારી શરદચંદ્રને લઇ અનિલનું પ્રવેસવું. સુરેષનું આવી શરદ પર ફેર પરંતુ તે ફેરનો ભાકતા શરદચંદ્ર ઘાયલ નહીં બનતાં એક સીપાઇનું ઘાયલ થવું. સુરેષના સાહસીક ભર્યા સાહસો. '(એજ એક મરણીઓ સોને ભારે.)" અનૂપનું આવી પિસ્તોલ ખુચાવી લેવી. બહાદરનું આવી ચઢવું. છેવટે સુરેષે હાથ પરથી વીંટીમા જડાંત હીરો ચુસીને મરણ પામવું. શરદચંદ્રનું ગુપચુપ છટકી જવું.

પ્રવેશ ચોથો સ્થળઃ—મુકુંદરાયના મકાનનો એક ભાગ.

કુંજનું આવવું. એટલામાં લતાનું પુર જોશમા પ્રવેશવુ રોમેશને ઉઠલુ બનાવવો. બાદ કુંજનું સંતાઇ જવું. રોમેષનું આવવુ આબાદ યુકિત બનાવી. મુકુંદરાયનું આવી ચઢવું કે તરત રેમેશના વેશમા કુંજનું ટપકી પડવું. સ્નેહ લગ્નનો વિજય. રોમેષને લીલા તોરણે પાછું ફરવુ. સુખી-સંસાર.

પ્રવેશ પાંચમો સ્થળઃ-સેવાશ્રમ તરફનો રસ્તો.

શરદચંદ્રનું પ્રવેશવુ. મનથી ગભરાઇ ગયેલા અને અંતિમ સંસ્કાર સારા થાય તે માટે અનિલના આશ્રમ તરફ જવા મથવુ. રસ્તામાંજ અંતિમ શ્વાસ પુરો થવો. અનિલનું આવી ચઢવું. વડીલ બંધુનો મૃત દેહ જોતા કરૂણાલાપ અને ઉદ્‌ગાર.

જેવું કરો તેવુ ભરો એ વિશ્વનો સિદ્ધાન્ત છે
વાવો તમે તેવું લણો એ કહેણુ જગવિખ્યાત છે
વાસનાની વાટમાં ન સત્યનાનો ભાસ છે
એ પંથના પરિણામમાં આખરે તો નાશ છે.

[સમાપ્ત.]

પ્રાર્થના

શ્રી ગણનાયક ગીરીજા નંદના. (૨)
ગાઇએ ગુણ વંદના...............શ્રી૦
સીદ્ધી બુદ્ધી મતિસઃ વિલસો,
મોદક પ્રિય ગણનાયક હરસો;
આધિવ્યાધી વિઘ્ન ગણા...............શ્રી૦
નાટ્ય પ્રયોગ વિધાન પ્રસંગે,
નૂતન નાટ્ય સમાજ સમર્પે;
પુષ્પ અમારી પ્રાર્થના..............શ્રી૦

(૧)

શારદચંદ્ર:—
કુંજન મધુ કોકિલનું શ્રવણે પડે
દીલ રૂબાના સૂર સાથે દીલ કયાં ચાલ્યુ અરે,
આરામ મ્હારો અહી નથી પણ છે વિલાસી વાસમાં
જયાં પ્રેમ જયોતિ રશ્મીમાં બળે દ્વૈત વિલસુ મોદમાં
કયાં ગઇ (૪)
આ તરફને એ તરફ દેખાખ છે રસ વેલડી
જયાં જયાં નજર મારી પડે ત્યાં ત્યાં બધે અલબેલડી
કયાં ગઈ [૪]

| ૨ |

વિલાસ—
પીઓ ને પ્રાણ પ્યારા મધુર પ્યાલી
પીઓ ના શરમાઓ આનંદથી મ્હાલી
પ્રેમ ભરી અમૃતરસ પ્યાલી
મસ્તી ભરી અધર રસલાલી
લાવી છું હું મતવાલી
પીઓ ને પ્રાણ પ્યારા મધુર પ્યાલી.
(વિનય ખોખાણી.)

[૩]

લતા—

ભ્રમરા ગુંજજે ગુંજજ અપાર. (૨)

ફુલ ફુલ પર. (૨) —ભ્રમરા

કમળ પત્ર પર હુમલો કરતા,

મસ્તકે આવીને ભમતા,

દૂર દૂર હું. (૨)

જાવું ત્યાંતો અનેક જણાય. —ફુલફુલ

કોઈ નચાવે નેન ઈશારે,

કોઇ ઝુલાવે પ્રેમને તારે,

હહું હહું કયાં ? (૨)

આગળ ને આગળ જણાય. —ફુલફુલ

[૪]

લતા અને કુંજ:—

જોવોના છેડો આ ઘનશ્યામ.

હું બાળ કુંવારી

ટહુકે કોયલ આંબા ડાળ.

છે રંગે કાળી

આશા ને તીરે હું ઉભી એકલડી,

મહીરીયે આવો હું જોતી વાટલડી.

દીલડાના દર્દો ના સ્હેવાય.

હું બાળ કુવારી.

(બાબુ બરોડીયા.)

[૫]

અનુપ:—

જીવતાં છતાં મૂએલા, લક્ષ્મી વીહોણા માનવ,

પર આશ પર ડૂબેલા, પૈસા વીહોણા માનવ.

શ્રીમંતો મોજથી ફરતા, ગરીબો ભૂખથી મરતા,

દ્રષ્ટિ અમી ન વરસે, જુલ્મો સહે છે માનવ.

વિધાતાનો ચલિત ઝુલો, ઉચો નીચો થયા કરતો,

સ્થાઇ રહે ન લક્ષ્મી, હું પદ તજોને માનવ.

[૬]

વિલાસ અને શરદચંદ્રઃ—

કયાં બોલી, કયાં બોલી, રસીલી બોલી મધુરી બોલી.
હૈયામાં જગાવી પ્રીતની મીઠી તાન
પ્રેમના ઝુલે ઝુલતા બોલી
મધુ વનમાં હું મારગ ભુલી,
મન મારૂ મુંઝાય.... ... .કયાં બોલી.
કયાં બોલી, કહું કયાં બોલી, રસીલી બોલી નયન જુવો બોલી.
હૈયામાં જગાવી પ્રીતની મીઠી તાન
પ્રેમની ડાળે ઝુલા ઝુલતી
નૈન ઇશારે ઘાયલ કરતી
દીલડુ ના દુભાવ.... ....કયાં બોલી.

(વિનય ઓખાણી.)

[૭]

વિલાસ અને શરદચંદ્રઃ—

શણગાર સજ્યો (૨) કેવી સુંદર કાયા શોભી રહી ?
મન મોહક આજ બની
ગજરાજ તણી (૨) ગજગામીની હું તો આજ બની.
દીલ ચશ્મ તું આજ ઠરી.
રૂપ ત્હારૂ જોઈને અપ્સરાઓ શરમાય છે,
કંઠ ત્હારો સુણીને કોકીલ પણ લજવાય છે.
મુજ કેશ કલાપ (૨) જોઇ ભોરીંગ દરમાં વાસ કરે,
શરમીંદા નિત્ય બની,

[૮]

અનુપઃ—

જગમાં સહુ સંપી રહો,
પગલાં ભરો તો સંપનાં.
વિખવાદ દીલમાં ના ધરો,
પગલાં ભરો ના કુસંપનાં. જગમાં.
હીંદના વતની બધા એક બીજાના ભાઈ છે,

જો એક સંપે ના રહો તો બેહાલ હીંદુસ્તાન છે.
ધર્મ જુદા વર્ણ જુદા પણ રાહ સઉનો એક છે,
નાના કહો મોટા કહો પણ ધ્યેય સઉનો એક છે.

[૯]

લતા અને કુંજ:

જાવો જાવો કામણગારા કાન,
શાને પ્રેમ ઘેલા બન્યારે.

તારા નયનો ના વાગ્યા બાણ,
દીલડા વીંધી દીધારે.

તારા નયનો છે જાદુ ભરેલા,
મને શાને શરમાવો અલબેલા.

પ્રેમ મુર્તિ બનાવું,
પ્રેમી દીલમાં વસાવું.
ના મુજને સતાવો રસરાજ—શાને પ્રેમ.

(બાબુ બરોડીયા)

અંક ૨ જો

[૧૦]

મહંતઃ—

ક્યાં છે.... ... ક્યાં છે.... ... ક્યાં છે
પ્ર...ભુ . જી .. ક્યાં છે.

નથી તે યેગીના ધ્યાને નથી તે વિશ્વ ઉદ્યાને
નથી તે શાસ્ત્રના પાને નથી તે વેદ પુરાણે...ક્યાં છે.
વસ્યો એ સત્યના સ્થાને વસ્યો ચિત્ત નિર્મળા સ્થાને
વસ્યો એ ધર્મના સ્થાને વસ્યો શુદ્ધ પ્રેમના સ્થાને

ક્યાં છે ... ક્યાં છે ... ક્યાં છે
પ્ર...ભુ...જી ...ક્યાં છે

| ૧૧ |

કુંજ:—

જોગી બન્યો હું ફાંકડો, એ પ્રેમદાના પ્રેમમાં
બહુરૂપીનો વેશ લીધો, મેં લતાના પ્રેમમાં.
જગમાં કઠીન છે પ્રેમનો આરો,
જોગી બન્યો હું [illegible]
બતાવો મને પ્રેમનો આરો.

તું નાચે તો બસી બજાવું,
મીઠાં મીઠાં ગીત સુણાવો.
[illegible] ...બતાવો.
[illegible] બનાવું,
[illegible] આવો.. [illegible],
[illegible] બનાવે પ્રેમ [illegible]... બતાવો.

(આબુ અરોડીયા.)

| ૧૨ |

લતા અને કુંજ —

[illegible]
હું તો જમુનાને તીરે [illegible] બંસરી..
[illegible]
[illegible] મંજરી..
[illegible]
દિલના મીનારે [illegible]... [illegible]
[illegible]
હો... શીરે [illegible] નો મટકી,
લીધા છે દાન શાને ઉભા છો મટકી.
માગુ.... હું માગુ.... માગું હું દિલના દાન સુંદરી,
હું તો જમુનાને તીરે [illegible] બંસરી.

(આબુ અરોડીયા)

[૧૩]

શરદચંદ્રઃ—

આ જીવન વહેવારમાં મદ્યપાન સહુને જોઇએ,
ભોગી બનેલા એ ભ્રમરને રસ પુષ્પનો તો જોઇએ.
નાચ—ગાન મહેફીલમાં મીત્ર મદીરા જોઇએ,
માશુકની ત્યાં તો સદા મીઠી નજર પણ જોઇએ.
માલ મીલ્કત જો કદીએ જાય તો પરવા નથી,
પણ એ શરાબીને સદાએ પ્યાલી મદભર જોઇએ.

[૧૪]

કુંજઃ—

જગતની નજરે જુઓ દુકાન મારી સાંકડી,
પણ કામ આપે ઝડપથી, આ સોય મારી ફાંકડી.
આવો જુઓ ખાત્રી કરો આજે અમારા કામની,
ઉધાર શીવું આજ તો પરવા નથી કંઇ દામની
ભાવ થોડો કામ સારૂં જેને આશા નામની.
સીલાઈ અપટુડેટ ને કામ છે મજબુત.
પહેર્યા પછી કહેશો તમે કે નાખ્યાં છે વસુલ,
હું કહું અભીમાનથી આ મુછ મારી વાંકડી.

[૧૫]

લતા અને કુંજઃ—

હું તો તમારી વ્હાલી પુજારણ,
પ્રેમની ભિક્ષા આપો પુજારણ. —હું તો
કૃષ્ણ કનૈયો હું બનું તું રાધા બન આજ,
રાસ લીલા અહીં ખેલીને ગજાવીએ સહુ ગામ.
બંસી બજાવું નાચો પુજારણ, —હું તો
હું છું સરિતા સુંદરી સાગર તમે મસ્તાન
વેગે દોડી આવી હું કરો તમે સન્માન,
પ્રેમના પાઠો શીખો પુજારણ. —હું તો